पुना International School
Shree Swaminarayan Gurukul, Zundal

# Grade -VIII

# Gujarati

# Specimen

# Copy

# Year- 2021-22

# અનુક્રમણિકા


| ક્રમ | એકમ | પૃષ્ઠ |
|---|---|---|
| 6 | લેખણ ઝાલી નો રહી | 2 |
| 7 | પગલે – પગલે | 6 |


## 6. લેખણ ઝાલી નો રહી

➢ **અઘરા શબ્દો**

| | | | |
|---|---|---|---|
| 1) | સીમાડે | 2) | પાઘડીપને |
| 3) | અમીદ્રષ્ટિ | 4) | વેરાન |
| 5) | વાઝડી | 6) | બાચકું |
| 7) | વચાર્ય | 8) | હાટડી |
| 9) | ભોં | 10) | મોર્ય |



## ➢ શબ્દાર્થ

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | સીમાડે | = | ગામની હદ | 2) | પાઘડીપને | = | પાઘડીના જેવો વિસ્તાર |
| 3) | અમીદ્રષ્ટિ | = | મીઠી નજર | 4) | વેરાન | = | ઊજ્જડ |
| 5) | વાઝડી | = | વાવાઝોડું | 6) | બાચકું | = | નાની ગાંસડી |
| 7) | વચાર્ય | = | વિચાર | 8) | હાટડી | = | નાની દુકાન |
| 9) | ભોં | = | જમીન | 10) | મોર્ય | = | પહેલા |

## ➢ વિરામ ચિહ્નો

- ભાષાલેખનમાં વિરામચિહ્નોનું ઘણું મહત્વ છે. ખાસ કરીને અર્થ કે ભાવ અનુસાર ભાષાને સચોટ બનાવવા વિરામચિહ્નો આવશ્યક છે.




### 1) અર્ધ વિરામ ( ; )

- વિષયો તો બધાં સારા છે; ઇચ્છો તે વિષયનો સ્વાધ્યાય કરો.
- માને જોઈને રાજી રાજી થઈ જવાયું; જાણે સઘળું જ મળી ગયું!

જે વાક્યખંડોમાં અલ્પવિરામનો ઉપયોગ થઈ ચૂક્યો હોય તેવા વાક્યખંડોને જોડવા માટે અર્ધ વિરામનો ઉપયોગ થાય છે.

### 2) ગુરુ વિરામ ( : )

- એના માટે જૂનાકાળથી એક કહેવત કહેવાતી આવી છે : ‘ કપાળમાં ઊગે વાળ તો ભાલમાં ઊગે ઝાડ.’

ઉપરનાં વાક્યમાં ગુરુવિરામનો ઉપયોગ થયો છે. વાક્ય પૂરું થયું નથી. પરંતુ એ વાક્યની સાથે જોડાયેલ એક બીજું વાક્ય હવે આવે છે તેનું સૂચન ગુરુવિરામ  કરેઅ છે.

### 3) અવતરણ ચિહ્ન ( “ “   )

- “ ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન.”
- એ બોલ્યો, “ કાગળ તો હરખચંદે લખી દીધા હતા.”

જ્યારે કોઈ વ્યક્તિએ કહેલી વાત બરાબર એના જ શબ્દોમાં કહેવાતી હોય ત્યારે અવતરચિહ્ન વપરાય છે.વાક્યમાંથી વપરાયેલાં પદોમાંથી જે પદ કે પદોને જુદા રાખવા માંગતા હોઈએ તે પદ કે પદોની આજુબાજુ પણ આ ચિહ્ન મૂકાય છે. એની નિશાની સામાન્ય રીતે ( ‘  ‘ )  કે ( “ “ ) હોય છે.

- <u>સાહિત્ય</u>

### પ્ર-1 નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.

1) પાઘડીપને કયાં બે પ્રદેશ પથરાયેલા છે?

જ) ગુજરાતન  અને સૌરાષ્ટ્રનાં સીમાડાને અડીને ભાલ અને કનેર પ્રદેશ પાઘડીપને પ્રદેશ પથરાયેલા છે.

2) હરખચંદે મણેક કપાસિયા શા માટે ખરીધ્યા હતા?

જ) હરખચંદે મણેક કપાસિયા ગાય માટે ખરીધ્યા હતા.

3) કહળસંગને કોણે ઠપકો આપ્યો?

જ) કહળસંગને  કુટુંબનાં સૌએ ઠપકો આપ્યો.

### પ્ર-2 નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો.

1) ગામના લોકો ખેતી અને ઘરવપરાશની વસ્તુઓની ખરીદી એકસામટી કેમ કરતા ?

જ) ચોમાસામાં ખુબ જ વરસાદ પડતો આથી ગામની તાલુકા મથકે જવાની ગાડાવાટ બંધ થઈ જાય.તેથી ચોમાસું શરૂ થાય એ પહેલા ત્રણ – ચાર મહિના ચાલે એટલી લોકો ખેતી અને ઘરવપરાશની વસ્તુઓની ખરીદી એકસામટી ખરીદતા હતા.

2) હરખચંદને શા માટે શરમાવું પડયુ?

જ) કહળસંગના બાપુનાં કારજનો પ્રસંગ હતો. હરખચંદને કાગળ લખવા બોલાવ્યા.હરખચંદે વેરનો બદલો લેવાની વૃતિથી કાગળો લખવામાં એવા ગોટાળા કર્યા કે પ્રસંગ બગડ્યો. મોતનો મલાજો ન જળવાયો. કોઈ ડાહ્યા માણસે કહ્યુ કે હરખચંદ, કહળસંગ તો અભણ હતો. પણ તમે આ શુ કર્યું? હરખચંદને તેની ભૂલ સમજાણી અને એમને શરમાવું પડ્યુ?

3) અનુભવીઓએ કહળસંગને ઠપકો કેમ આપ્યો?

જ) કારજના પ્રસંગે લખાયેલા કાગળો અંગે ખુલાસો કરતા હરખચંદે કુટુંબીજનોને બધી વાત કરી. કહળસંગે હરખચંદ શેઠને પોતાના ગાડામાં કપાસિયાનો કોથળો મૂકવા ન દીધો ને કડવા વચનો કહ્યાં. એ માટે અનુભવીઓએ કહળસંગને ઠપકો આપ્યો.

4) હરખચંદના લમણામાં કઇ વાત રહી ગઇ?

જ) હરખચંદ કહળસંગના ગાડામાં ત્યારે કોથળો નાખવા ગયા. એમને જોઇને કહળસંગે બળદોને ડચકારો કરી ગાડું હાંકી મૂક્યું.ઉપરથી કહળસંગે કહ્યું કે બળદ તાણી ઝાલ્યા રહેતા નથી. આમ કહળસંગે ડાંડાઇ કરી. આ વાત હરખચંદના લમણામાં રહી ગઇ.

- **<u>વ્યાકરણ</u>**

**પ્ર-3 નીચેના શબ્દ સમુહ માટે એક શબ્દ આપો.**


1) પાઘડીના જેવો વિસ્તાર = પાઘડીપને

2) પવનનું વાવાઝોડું = વાઝડી

3) ગામની હદ = સીમ

# 7 પગલે – પગલે

\- સંતબાલ




## ➢ અઘરા શબ્દો

| | | | |
|---|---|---|---|
| 1) | સાવધ | 2) | પ્રેમળતા |
| 3) | અંતર | 4) | અજવાળું |
| 5) | વીરા | 6) | પંથ |
| 7) | કંકર | 8) | ધોમ |

## ➢ શબ્દાર્થ

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | સાવધ | = | સાવચેત | 2) | પ્રેમળતા | = | પ્રેમભાવ |
| 3) | અંતર | = | મન | 4) | અજવાળવું | = | શુધ્ધ કરવું |
| 5) | વીરા | = | ભાઈ | 6) | પંથ | = | માર્ગ |
| 7) | કંકર | = | કાંકરા | 8) | ધોમ | = | તડકો |
| 9) | ધખવું | = | તપવું | 10) | ખાડું | = | તલવાર |

## સ્વાધ્યાય

## ➢ સાહિત્ય

**પ્ર-1 નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

1) કવિ સ્વાર્થ સામે જોવાની ના કેમ કહે છે?

જ) કવિ સ્વાર્થ સામે જોવાની ના કહે છે કેમ કે માણસે નિ: સ્વાર્થી બનીને જીવવું જોઈએ , જેથી બીજાને શિસ્ત , શાંતિ અને સેવાનો બોધ મળી રહે.

2) રસ્તે ચાલતા વચ્ચે શુ – શુ આવે છે?

જ) રસ્તે ચાલતા વચ્ચે કાંટા , કાંકરા અને તડકામા તપેલી રેતી આવે છે.

3) કવિ સૌને શું આપવા કહે છે?

જ) કવિ સૌને શાંતિ , શિસ્ત અને સેવાનો બોધ આપવા કહે છે.

## પ્ર-2 નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો.

1) કવિ હિંમત ખોવાની ના શા માટે પાડે છે?

જ) કવિ હિંમત ખોવાની ના પાડે છે કેમ કે જીવનનો માર્ગ મુશ્કેલી , દુ:ખો તેમજ યાતનાઓથી ભરેલો છે. જો આપણે હિંમત ખોઈ બેસીએ તો એ માર્ગે આગળ વધી શકાય નહિ.

2) કવિ પ્રેમળતા પ્રગટાવવાનુ શા માટે કહે છે?

જ) જીવનમા ડગલે ને પગલે આવતી અડચણો , મુશ્કેલી તેમજ દુ;ખો સામે લડવા પ્રેમળતા જ એકમાત્ર અમોઘ શસ્ત્ર છે. એ અમોઘ શસ્ત્ર આપણા વ્યહારોમા સુગંધ ફેલાવીને જીવનને સાર્થક કરવા માટે કવિ પ્રેમળતા પ્રગટાવવાનુ કહે છે.

- <u>વ્યાકરણ</u>

## પ્ર-3 નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી લખો.

1) કવિએ પંથ કેવી રીતે કાપવાની વાત કરી છે?

જ) અ) ધીરે ધીરે બ) ઉતાવળે
ક) <u>અંતર ઉજાળીને</u> ડ) નામ ઉજાળીને

2) ખાડાંની ધારે કેવી રીતે ચાલવાનું છે?

જ) અ) સાચવીને બ) <u>ધીરજથી</u>
ક) ગંભીરતાથી ડ) સમય-સંજોગો જોઈને

3) કવિ કોને અજવાળવાનુ કહે છે?

જ) અ) ઓરડાને બ) શેરીને
ક) <u>અંતરને</u> ડ) ગામને

## પ્ર- 4 નીચેના સમાનાર્થી શબ્દ લખો.

1) સાવધ = સાવચેતી 2) અજવાળું = પ્રકાશ

| | | | | | |
|---|---|---|---|---|---|
| 3) | પંથ | = | રસ્તો | 4) | કાંટા | = | શૂળ |
| 5) | ધૈર્ય | = | ધીરજ | | | | |

## પ્ર-5 નીચેના વિરુધ્ધાર્થી શબ્દ લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | સાવધ | x | અસાવધ | 2) | અજવાળું | x | અંધારુ |
| 3) | પ્રેમ | x | નફરત | 4) | દુર્ગમ | x | સુગમ |
| 5) | સ્વાર્થ | x | નિ: સ્વાર્થ | | | | |

## પ્ર-6 નીચેનાં શબ્દોને શબ્દકોશ પ્રમાણે ગોઠવો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ની | ડ | ર | ભ | બ | ળ | વિ |
| જ | દ | સ્તો | ચ | ર | નં | ગ |
| ત | થા | ક | થાં | તી | પૂ | ળ |
| હ | દ | ય | ભ | હા | સ્ય | ર |
| ધ્ય | ર | પ | લો | ધા | સો | નું |

( ધૈર્ય, પ્રેમળતા, શિસ્ત,પાદર, કંકર, હિંમત, પ્રસ્તુત, અપેક્ષા, ગાંસડી, જ્ઞાન, ક્ષમા, ત્રિવિધ )

જવાબ- અપેક્ષા, કંકર, ક્ષમા, ગાંસડી, જ્ઞાન, ત્રિવિધ, ધૈર્ય, પાદર, પ્રસ્તુત, પ્રેમળતા, શિસ્ત, હિંમત

- <u>પ્રવૃત્તિ</u>

નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો કોષ્ટકમાંથી શોધો.

( સભર, પંથ, સ્તંભ, આજીજી, નિર્ભય, જોર, ઉર, સ્મિત, કંચન )